**હું પુસ્તકાલયમાં કેવી રીતે જોડાઇ શકું?**

તમારે લાવવું જોઇશે

ઓળખપત્ર
(પાસપોર્ટ, બેંક કાર્ડ, અથવા વિધાર્થી ઓળખપત્ર)

તમારા નામ અને સરનામા સાથેનો કાગળ અથવા બેંક નિવેદન(તમારી બેંક તમને તમારા સરનામા સાથેનો છાપેલો કાગળ આપશે)

તમારી સાથે ના રહેતું હોય તે કોઇનું નામ અને સરનામું.

**હવે તમારી પાસે પુસ્તકાલયનું કાર્ડ છે તોઃ**

તમાંરૂ કાર્ડ અન્ય કોઇને આપશો નહીં

જો તમે સરનામું બદલો તો અમને જણાવશો

જો તમારું કાર્ડ ખોવાઇ જાય અથવા ચોરાઇ જાય તો અમને જણાવશો

**તેની કેટલી કિંમત થશે?**

જો તમે વેલિંગ્ટનમાં રહેતા હોવ તો જોડાવવાનું અને પુસ્તકો ઉછીના લેવાનું **મફત**

| **વિગત** | **કિંમત** | **મોડું પાછું આપો તો** |
|---|---|---|
| પુસ્તકો | ૪ અઠવાડિયા માટે કોઇ કિંમત નહીં | ૧ દિવસના ૪૦c (સેંન્ટ) |
| મેગેઝિન | ૧ અઠવાડિયા માટે કોઇ કિંમત નહીં | ૧ દિવસના ૪૦c (સેંન્ટ) |
| સીડી (CD) | ૧$ (ડોલર) ૧ અઠવાડિયાનો | એક દિવસના ૫૦c (સેંન્ટ) |
| વિડીયોઝ્ | ૩$ (ડોલર) ૧ અઠવાડિયાના | એક દિવસનો ૧$ (ડોલર) |

દરેક વસ્તુ પુસ્તકાલયમાં અપેક્ષિત તારીખે પાછી આવી જવી જોઇએ.

મોડી ખોવાયેલી અથવા નુક્સાનીવાળી(ફાટી-તૂટેલી) વસ્તુઓ માટે દંડ ભરવો પડશે જ. ન ભરાયેલો દંડ વસૂલ કરનારી કચેરી પાસે જશે.

જો પુસ્તકાલયમાંથી વસ્તુઓ લીધી હોય ત્યાં જ પાછી આપો અથવા તમારે દરેક વસ્તુ માટે એક ડોલર ભરવો પડશે.

અમારી પાસે જે લોકો ઇંગ્લીશ ભાષા શીખતા હોય તેમને માટે પુસ્તકો, કેસેટઝ્, સીડીઝ્,(CD) અને વિડીયોઝ્ છે.

**જો મદદની જરૂર હોય તો મહેરબાની કરીને પૂછશો.**